# ‘ધર્મોદય’ : ધર્માનુભવથી ખરા ધર્મ વિશે સમજણની સફર....

ગુજરાતી સાહિત્યનું બળુકું નામ કાકાસાહેબ કાલેલકરનું ‘ધર્મોદય’ નામનું પુસ્તક સાડા સાત દાયકા પછી ફરી પ્રકાશિત થયું છે. 1952માં તેની પ્રથમ ને આખરી આવૃત્તિ પ્રકાશિત થઈ હતી, હવે તે પુસ્તક ફરી વાર પ્રકાશિત થયું છે. 128 પાનાંનું અને 39 પ્રકરણ ધરાવતું આ પુસ્તક ધર્મની સમજણ આપે છે. પુસ્તકના પ્રાસ્તાવિકમાં જ કાકાસાહેબ લખે છે : ‘માણસ પોતાની ધર્મ વિશેની કલ્પનાઓ પહેલાં વૃદ્ધો પાસેથી, કૌટુંબિક રિવાજોમાંથી અને સામાજિક સંસ્થાઓમાંથી મેળવે છે. પ્રથમ તો આ બધી વસ્તુઓ ઓઢવાની જ હોય છે. માણસ જન્મે છે તે માતા સાથે સંબંધ બાંધીને જ. માતા દ્વારા એ પિતાને ઓળખતો થાય છે. એ બંને દ્વારા પ્રથમ કુટુંબમાં અને ત્યાર પછી એના સમાજમાં એનાં મૂળિયાં રોપાય છે અને દૃઢ થાય છે. માતપિતા, કુટુંબ અને સમાજ પાસેથી એ જે લે છે તેને પોતાનું કરતાં એને બહુ વાર કે મહેનત લાગતી નથી કેમ કે એનું શરીર, એનો આહાર, એની ભાષા, એની લાગણીઓ અને એનું ભણતર, ટૂંકમાં કહીએ તો એનું આખું જીવતર અને ઘડતર માતપિતા, કુટુંબ અને સમાજ સાથે એકરૂપ હોય છે અને તેથી એમની દ્વારા એ જ કોઈ ધાર્મિક વસ્તુ લે છે, ઓઢે છે એને સેવે છે તેને આત્મસાત્ કરતાં એને વાર લાગતી નથી. જેમ માણસની હથેળી પરની ભાગ્યરેખાઓ એ માતાના ગર્ભમાં મૂઠી વાળીને પડેલો હોય છે ત્યારે જ ઘડાય છે, તેમ માણસનું સામાન્ય વ્યક્તિત્વ પણ ઉપર કહ્યું છે તે રીતે એને મળેલું જ હોય છે.’






ધર્મ માણસમાં આરંભમાં કેવી રીતે આરોપિત થાય છે - તે અહીં કાકાસાહેબે પ્રાસ્તાવિકમાં લખ્યું છે અને આગળ તેઓ ધાર્મિક અનુભવ એટલે શું? એ સંદર્ભે પણ લખે છે- તે ખાસ વાંચવા જેવું છે. તેઓ લખે છે : ‘આજકાલના ઘણા લોકો એમ જ માને છે કે ધર્મ એટલે ઈશ્વરવિષયક અનુભવો અથવા અતીન્દ્રિય અંતરાત્મા વિશેના ગૂઢ અનુભવો. જૂના જમાનાના ઘણા લોકો અને આજના પણ કેટલાક પછાત લોકો ધર્માનુભવ વિશે અનેક વિચિત્ર ખ્યાલ સેવતા દેખાય છે. કાંઈક અકુદરતી બનાવ બને. દા. ત. પથ્થર પાણી ઉપર તરે, જાનવર મનુષ્યની વાણી બોલે, અચાનક મરી ગયેલો માણસ છતો થાય, અણધારી મદદ મળે, ગેબી અવાજ સંભળાય, વગર કારણે પ્રકાશ દેખાય, સુગંધનો અનુભવ થાય, - તો એ જ ધર્માનુભવ છે એમ તેઓ માનતા દેખાય છે.’ ‘વિચિત્ર ખ્યાલ’ કરીને કાકાસાહેબે જે લખ્યું છે તેમાં આજે આટલાં વર્ષો પછી બીજી અનેક બાબતો ઉમેરી શકાય. ખરેખર ધર્માનુભવ કેવા હોય તે વિશે તેઓ લખે છે : ‘જે અનુભવ દ્વારા આત્માનો વિકાસ થાય છે, વ્યક્તિત્વ વધે છે, અતીન્દ્રિય વસ્તુઓ પર યોગ્ય શ્રદ્ધા બેસે છે અને માણસ ઈન્દ્રિયસુખની લાલસા છોડી, દેહરખો મટી, ઊંચે ચડે છે તે ધર્માનુભવ છે. ઉત્કટ પ્રેમ, નિરપેક્ષ સેવાભાવ, સત્યની અને જ્ઞાનની અદમ્ય ખોજ, શીતળ ભાવે અથવા પ્રસન્નતાથી થતું બલિદાન, સર્વ ભૂતો પ્રત્યે સિદ્ધ થયેલો સમભાવ એ બધા ખરેખરા ધર્માનુભવો જ છે. ’

પુસ્તકમાં કાકાસાહેબે પોતાના જીવનના અનુભવો લખ્યા છે અને એક ઠેકાણે તેમણે વિરોધી માન્યતામાં તેમના ધર્માનુભવ વિશે લખ્યું છે : ‘પરસ્પર ભિન્ન અને પરસ્પર વિરોધી એવી સાધના દ્વારા પણ મનુષ્ય એક ધર્માનુભવ પ્રાપ્ત કરી શકે છે એમ નાનપણમાં

**‘ઈશ્વર છે કે નહીં? છે જ એમ માનવાને કાંઈ કારણ છે કે કેમ? પ્રાર્થનામાં કાંઈ અર્થ છે કે કેમ? કર્મનો નિયમ એટલે શું? કર્મના સિદ્ધાંત ઉપરાંત નોખું અને વિશેષ આધ્યાત્મશાસ્ત્ર છે કે કેમ?**

જ મન ઉપર એની મેળે ઠસી ગયેલું હોવાથી, ભિન્ન ભિન્ન સમાજના અને જુદા જ રિવાજના લોકો સાથે હૃદયનું તાદાત્મ્ય જમાવતાં મને કઠણ નથી પડતું. એ લોકોની વાતો સાંભળતાવેંત એમના અનુભવો ધારણ કરવાને મારે માટે મારું હૃદયકમળ તરત જ ઉત્ફુલ્લ અને અભિમુખ થાય છે અને તેથી જ ખરેખર મારે માટે કોઈ પણ પરાયું નથી. કોઈ પણ ધર્મ પરધર્મ નથી. તક મળવાનો જ અવકાશ, હૃદય હૃદય સાથે મળી જાય છે. આના માટે મારે કોઈ માનસિક વિરોધ સાથે ઝઘડો કરવો પડ્યો નથી. આ વસ્તુ કેળવવા માટે મારે કષ્ટ વેઠવાં પડ્યાં નથી. જાણે આવી મૂડી સાથે જ જન્મ્યો હોઉં એમ લાગે છે. માટે એને હું ભગવાન તરફથી મળેલો કૃપાપ્રસાદ જ ગણું છું.’ કાકાસાહેબને ભગવાન તરફથી જે ‘કૃપાપ્રસાદ’ મળ્યો છે તેમાં તેમને ‘કોઈ પણ ધર્મ પરધર્મ નથી’ તેવું તે અનુભવે છે. કાકાસાહેબે યુવાનીમાં તેમને આ ‘કૃપાપ્રસાદ’ મળી ગયો હતો તેવો અનુભવ પણ પછી લખ્યો છે. જો કે ધર્મને અલગ-અલગ રીતે વ્યાખ્યાયિત કરવામાં આવે છે અને તેના અનુભવ પણ વ્યાપકપણે મૂકવામાં આવે છે. આખરના

ઈન સાઈડ આઉટ સાઈડ
કિરણ કાપૂરે

પ્રકરણમાં કાકાસાહેબ ‘પરમધર્મ-આત્મદર્શન’માં લખે છે : ‘બધા ધર્મો ભગવાનની વાતો કરે છે. માણસના વ્યક્તિગત અને સામાજિક જીવન માટે વ્યવસ્થા સૂચવે છે અને ઈશ્વરપ્રાપ્તિ માટે કર્મ, જ્ઞાન અને ભક્તિની શિખામણ આપે છે પણ ધર્મમાં મુખ્ય વસ્તુ છે આત્મદર્શન. આ વિશાળ વિશ્વનું રહસ્ય શોધતાં શોધતાં માણસ પરમ-બૃહદ્ બ્રહ્મ સુધી-ભૂમા સુધી પહોંચ્યો પણ એને અપનાવવાનો રસ્તો હાથ ન લાગ્યો. ત્યાર પછી માણસ અંદર ઊતર્યો. અંદર ઊતરીને જ્યારે અંતર-તમ સુધી પહોંચ્યો ત્યારે એને આત્મા જડ્યો. એ આત્માને અપનાવવા જતાં માણસને સાક્ષાત્કાર થયો કે જે બ્રહ્મ છે તે જ આપણો આત્મા છે.’

આધ્યાત્મિક દૃષ્ટિએ પણ કાકાસાહેબે આ પુસ્તકમાં કેટલીક વાતો આવરી છે, તે બધી વાતો-અનુભવથી આપણે સંમત હોઈએ તે જરૂરી નથી પરંતુ તેમણે ધર્મને અનેક દૃષ્ટિએ આ પુસ્તકમાં જોયો છે. પુસ્તકમાં શરૂઆતમાં તેમણે ‘પાપ અને પુણ્ય’, ‘બાનો ધર્મ’, ‘બાએ શીખવલો કુટુંબધર્મ’, ‘પશ્ચાત્તાપનો સાક્ષાત્કાર’, ‘એ કંઠી’, ‘બાળપણના દેવો’, ‘આરતી’, ‘શ્રાદ્ધ’, ‘ધર્મવૃત્તિ કેળવવાનાં ક્ષેત્રો’ આ મથાળાં હેઠળ પોતાના અનુભવ અને ધર્મ સંબંધિત ચર્ચાની વિસ્તૃત ચર્ચા કરી છે. કાકાસાહેબનું ચિંતનક્ષેત્રમાં ધર્મને વિષય બનાવીને ઘણું લખ્યું છે, તે માટે તેમનાં અન્ય પુસ્તકો પણ ઉપલબ્ધ છે.

એક વ્યક્તિના જીવન ધર્મ વિષેના સમજણની પ્રક્રિયા કેવી રીતે થાય છે તે વિશે તેમણે ‘જિજ્ઞાસાયુગ’ નામના પ્રકરણમાં લખ્યું છે : ‘ઈશ્વર છે કે નહીં? છે જ એમ માનવાને કાંઈ કારણ છે કે કેમ? પ્રાર્થનામાં કાંઈ અર્થ છે કે કેમ? કર્મનો નિયમ એટલે શું? કર્મના સિદ્ધાંત ઉપરાંત નોખું અને વિશેષ આધ્યાત્મશાસ્ત્ર છે કે કેમ? એ જાતની વિચારણા અને એને અંગે થયેલો અનુભવ એ ત્યાર પછી આવે’ એ કેવી રીતે આવે તે વિશે હવે તેઓ લખે છે : ‘પ્રથમ કાલખંડમાં માબાપ પાસેથી અને સામાજિક જીવનમાંથી મળતી ધાર્મિક કલ્પનાઓ અપનાવવાનું અને હજમ કરવાનું જ મુખ્ય કામ રહેતું. બીજા યુગમાં તર્કબુદ્ધિની જાગ્રતિ મુખ્ય હતી. દરેક વસ્તુ તપાસીને લેવી પવિત્રમાં પવિત્ર મનાતી વાતને પણ બુદ્ધિનો પડકાર કરવાની હિંમત ધરાવતી, અધકચરી બુદ્ધિ અને કાચાપાકા અનુભવે મન સાથે જે સિદ્ધાંતો બંધાય તેને વળગી રહેવું અને આખી દુનિયાની બુદ્ધિ અને અનુભવ સામે પણ પોતાના સિદ્ધાંતોને ઊભા કરવા, એ આ યુગનો કાર્યક્રમ હતો’

આસ્થા બળવાન છતાં કાકાસાહેબ પોતાની જિજ્ઞાસાને કેવી રીતે સંતોષે છે અને તે વિશે તેમણે આ પ્રકરણમાં લખ્યું છે : ‘બાળકોને નવા દાંત ઊગે એની સાથે જેતે વસ્તુને કરડી જોવાની અદમ્ય ઈચ્છા પણ એને ઊગે છે. જાણે દાંતને એવી ચળ છૂટે છે. એ જ રીતે અમુક ઉંમરે તર્કબુદ્ધિ પ્રબળ થાય છે. એમ તો અંગ્રેજી ત્રીજામાં હતો ત્યારથી જ દરેક વસ્તુને, વિચારને કે કલ્પનાને પડકાર કરવાનો પ્રારંભ થયો હતો. અંગ્રેજી છઠ્ઠી અને સાતમીમાં અમારી વાગ્વર્ધિની સભાને કારણે એ વૃત્તિમાં સહેજ ઘી હોમાયું હતું પણ બુદ્ધિવાદે ખરેખરું જોર પકડ્યું કોલેજના પહેલા અને ખાસ કરીને બીજા વર્ષમાં. ‘બુદ્ધિસ્તુ શરણં મમ’ એ જ જાણે મારું જીવનસૂત્ર બન્યું હતું. આમાં તુ શબ્દનું મહત્ત્વ છે. બાકી બધી વસ્તુઓ સાંભળું, મહત્ત્વની વસ્તુઓને મહત્ત્વ આપું, મોટાં લોકોનાં વચનો પ્રત્યે આદર રાખું, જ્યાં ન જાણતો હોઉં, ત્યાં રાહ જોવાની ધીરજ બતાવું - એ બધું ખરું પણ શરણ જાઉં બુદ્ધિને, છેલ્લો આધાર રાખું એકમાત્ર બુદ્ધિ ઉપર અને મારું આચરણ તો એ બુદ્ધિના નિર્ણય પ્રમાણે જ થાય.’

‘ધર્મોદય’ પુસ્તક નવજીવન દ્વારા પ્રકાશિત થયું છે અને સાડા સાત દાયકા પછી પ્રકાશિત થયેલું પુસ્તક યુવાનોને ધર્મની સમજણ આપવા અર્થે ખૂબ ઉપયોગી થાય એમ છે.



# ‘ક’ કેરમનો ‘ક’- આપણી શુદ્ધ દેશી રમત

કેરમ ઘરોમાં ને શેરી, નુક્કડ કે મહોલ્લામાં રમાતી લોકપ્રિય રમત છે. આ રમતમાં એવું છે કે જ્યાં સુધી ઈચ્છા થાય ત્યાં સુધી રમે રાખો અને ઈચ્છા ન હોય ત્યારે દીવાલને ટેકવીને ઊભું કરી દો અને બધી કૂકડી એક ડબ્બામાં સમાઈ જાય. આ રમત ઝૂંપડીમાં, ખુલ્લામાં, છત પર દિવસ-રાત ગમે ત્યારે અને ગમે ત્યાં રમી શકાય છે. હમણાં એક પ્રવાસ દરમિયાન મેં નાનાં-નાનાં ગામડાંઓમાં એવી ક્લબ અને દુકાનો જોઈ છે જ્યાં કેરમ બોર્ડ મૂકેલાં હોય છે અને 5 રૂ. આપીને તમે એમાં જોડાઈ શકો છો. રજાના દિવસે કોણ જાણે કેટલા ભારતીય પરિવારોની બોરિંગ બપોર ખાલી કેરમના સહારે પસાર થતી હોય છે. ભારતની સંસ્કારી મમ્મીઓ બાળકોને તાશના પત્તાંને બદલે કેરમ આપવાનું પસંદ કરે છે.

કેરમ, આંગળી અને આંખની કળા છે. બધો આધાર તમારી ભૂમિતિની સમજ અને સ્ટ્રાઈકરને મારતી વખતે આંગળી વડે આપવામાં આવતા યોગ્ય દબાણ પર રહે છે. બે જ મિનિટ માટે પણ તમારે ઊંડું ધ્યાન, જેને એકાગ્રતા કહેવાય છે એ કરવું પડે છે. આ બધા ગુણો એકસાથે મળીને તમારા વ્યક્તિત્વનો ભાગ બની જાય તો તમે સફળ કેરમ ખેલાડી બની જાવ છો.

**કેરમ, આંગળી અને આંખની કળા છે. બધો આધાર તમારી ભૂમિતિની સમજ અને સ્ટ્રાઈકરને મારતી વખતે આંગળી વડે આપવામાં આવતા યોગ્ય દબાણ પર રહે છે. બે જ મિનિટ માટે પણ તમારે ઊંડું ધ્યાન, જેને એકાગ્રતા કહેવાય છે એ કરવું પડે છે. આ બધા ગુણો એકસાથે મળીને તમારા વ્યક્તિત્વનો ભાગ બની જાય તો તમે સફળ કેરમ ખેલાડી બની જાવ છો**

હમણાં જ્યારે બર્લિનમાં આંતરરાષ્ટ્રીય કેરમમાં ભારતની ટીમોએ પહેલા ત્રણ સ્થાન મેળવ્યા તો મને આનંદ થયો પણ નવાઈ લાગી! મને એમ કે કેરમ તો આપણી ઘરેલુ રમત છે, જેને આપણે ખૂબ સીરિયસલી રમીએ છીએ પણ આ આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં શ્રીલંકા, જર્મની સિવાય સ્વિત્ઝરલેંડના 50થી વધારે ખેલાડીઓ આવ્યા હતા! એ કેરમ ટુર્નામેન્ટમાં થયેલી આપણી જીત વિશે છાપાંઓમાં કોઈ નોંધ ના લેવાઈ કે મીડિયામાં કોઈ ચર્ચા ના થઈ કારણ કે, એ ક્રિકેટ મેચ નહોતી ને? મુંબઈના બદરીનાથ, કેદાર અને હૈદરાબાદના નિસાર અહમદ, એન્થોની, જે બર્લિનથી આંતરરાષ્ટ્રીય કેરમ ટુર્નામેન્ટ જીતીને આવ્યા હતા એમને ઘરે ઘરે કેરમ રમનારા આ દેશમાં કોઈ કરતાં કોઈ જાણતું નહોતું.

શરદ જોશી સ્પીકિંગ
સંજય છેલ

આ જ તો કેરમ નામની રમતનું દુર્ભાગ્ય છે. આખા દેશમાં કેટલાં શહેરો અને ગામડાંઓમાં, આજ સુધી કેરમના કેટલાયે મહાન ખેલાડીઓ બન્યા છે. તેઓ કેટલી વખત અને ક્યારે ક્યારે જીત્યા છે એ વિશે કોઈ નથી જાણતું. એમની સાધના અને સફળતાની કોઈને જરાય ખબર જ ના પડી. રમતાં રમતાં તેઓ બિચારા બુઢ્ઢા થઈ ગયા, અમુક તો મરી ગયા પણ મહોલ્લાઓ અને ક્લબના સભ્યો સિવાય એમને કોઈ ઓળખી શક્યા નથી.

આજથી ત્રીસ વર્ષ પહેલાં, આગ્રાના રાજામંડી વિસ્તારની કોઈ ગલીમાં મહાન વિવેચક અને વિદ્વાન ડૉક્ટર રામવિલાસ શર્માને ત્યાં ઉનાળાની બપોરે કેરમ રમતી વખતે ડૉક્ટર સાહેબે એમના મહોલ્લાના એક કેરમ ખેલાડી સાથે ઓળખાણ કરાવતા કહ્યું, ‘‘હી ઈઝ અ હીરો ઓફ મેની અનેંગ અનરિટન બેલડ્સ- એટલે કે આ ઘણા અલિખિત અને ના કહેવાયેલી વાર્તાઓનો હીરો છે.’’ અને આ વાક્ય દેશના મોટા ભાગના કેરમ ખેલાડીઓ માટે લાગુ પડે છે. હિન્દી સાહિત્યના ઈતિહાસમાં આ વાત નોંધાવી જોઈએ કે આગ્રાના રાજામંડી વિસ્તારના બદમાશ છોકરાઓને કેરમ રમવા માટે પ્રેરિત કરવામાં ડૉ. રામવિલાસ શર્માનું મોટું યોગદાન રહ્યું છે. આ બદમાશ છોકરાઓમાંનાં કેટલાક તો મહાન લેખકો પણ થયા. આગ્રા યુનિવર્સિટી ઈચ્છે તો આના પર પી.એચ.ડી. કે રિસર્ચ પણ કરાવી શકે છે.

કેરમના ખેલાડી તરીકે મારી હાલત એવી રહી છે કે હું બધી કૂકડી સરળતાથી કાણાંમાં અંદર સરકાવી દેતો હતો પણ ‘રાણી’ને લેવી મારા માટે મુશ્કેલ થઈ જતું હતું. એના કારણે ઘણી વખત હાર્યો છું. જેમ કે સત્તાધારી પાર્ટી સામે મારી આવી દુ:ખદ હાલત હંમેશની રહી છે.

શું થાય? રાજકારણ કે રમત આપણને આવડતાં જ નથી.

# કુલદીપનો મંત્ર : ફરિયાદ ન કરો, તક મળે એટલે પ્રદર્શન કરો

છેલ્લા છ મહિનાથી મોટાભાગનો સમય મેચની બહાર બેન્ચ પર બેસીને વિતાવનાર કુલદીપ યાદવ પાસે બોલ હાથમાં આવતા જ ટીકાકારોને કે વિરોધીઓને કોરાણે બેસાડી દેવાની એક ખાસિયત ધરાવે છે. બુધવારે રાત્રે દુબઈમાં યુએઈ સામે એશિયા કપની ભારતની પહેલી મેચ પણ આવી જ એક સાંજ હતી. ડાબા હાથના કાંડાના સ્પિનરે મેચને વ્યક્તિગત પ્રદર્શનમાં ફેરવીને એક એવો જાદુ કર્યો જેનાથી એક એવા વિશ્વ કક્ષાના ક્રિકેટરની ઓળખ છતી થઈ જે ક્યારેય નિરાશ થતો નથી અને હંમેશા પ્રદર્શન કરવાનો રસ્તો શોધે છે. ઈંગ્લેન્ડમાં પાંચેય ટેસ્ટ માટે બેન્ચ પર બેઠેલા કુલદીપને આખરે તક મળી અને તે પહેલા કરતાં વધુ ફિટ અને શાર્પ દેખાતો હતો.

અડધા વર્ષ પછી ભારત માટે પોતાની પહેલી મેચ રમી રહેલા કુલદીપે પોતાના વિરોધીઓને એક ઉત્સાહજનક સંદેશ આપ્યો કે તેને કેમ ભારતનો નંબર 1 સ્પિનર કહેવામાં આવે છે, અને તેને તમારા પોતાના જોખમે છોડી દો. તાજેતરમાં ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ સીરિઝમાં તેને જે પ્રકારે અવગણવામાં આવ્યો અને તેને ભાગે એક પણ મેચ રમવાની ન આવી તે કુલદીપે UAEના બેટિંગ ઓર્ડરને ધ્વસ્ત કરી નાંખ્યું અને વધુ મહેનત કર્યા વિના ભારતની નવ વિકેટની જીતનો માર્ગ મોકળો કર્યો. તેણે અને શિવમ દુબેએ તેમની વચ્ચે સાત વિકેટ વહેંચી, પરંતુ એ સાત વિકેટમાંથી કુલદીપની ચાર વિકેટ એવી હતી કે જેના કારણે UAE ફસડાઈ પડ્યું. તેમાં પણ તેની ચારમાંથી ત્રણ વિકેટ એક જ ઓવરમાં આવી. ભારત આમ પણ UAE ને હરાવ્યું જ હોત, પરંતુ કુલદીપે તેને ઝડપી અને સરળ બનાવી દીધું.

ખેલખેલમેં

ઘણી રીતે, એ થોડું પીડાદાયક હતું કે કુલદીપની ભારતીય ટીમમાં ખાસ રાત નબળા એવા UAE સામે આવી. પરંતુ તે વિરોધની ગુણવત્તા વિશે નહોતું, તે તેની લાંબી રાહ અને ઈંગ્લેન્ડમાં આખી ટેસ્ટ સીરિઝ દરમિયાન અનુભવાયેલા અસ્વીકાર વિશે હતું જેણે આ રાતને ખાસ બનાવી.

તેની છેલ્લી ઈન્ટરનેશનલ મેચ આ વર્ષે માર્ચમાં ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં ન્યુઝીલેન્ડ સામે 50 ઓવરની મેચ હતી. T20I ફોર્મેટમાં તેની છેલ્લી વિકેટ 27 જૂન, 2024ના રોજ ઘરઆંગણે ઈંગ્લેન્ડ સામે હતી. બુધવારે એક ઓવરમાં, તેણે પ્રથમ, ચોથા અને છઠ્ઠા બોલ પર એમ ત્રણ વિકેટ લીધી.

પાવરપ્લે પછી રજૂ કરાયેલા કુલદીપે પહેલા ફ્લાઈટ બોલિંગ કરી. રાહુલ ચોપરાએ મોટી હિટ માર્યો પણ અંતર મેળવવામાં નિષ્ફળ ગયો અને શુભમન ગિલના હાથે ઝડપાઈ ગયો. તે જ



ઓવરના ચોથા બોલ પર, મુહમ્મદ વસીમ LBW આઉટ થયો, અને છેલ્લી બોલ પર, હર્ષિત કૌશિક બોલ્ડ થયો. 14મી ઓવરમાં પાછા ફરતા, તેણે હૈદર અલીને આઉટ કરીને ઈનિંગનો અંત લાવ્યો. તેણે ફક્ત 2.1 ઓવરમાં 3.23 ના ઈકોનોમી રેટથી 4/7 ના અસાધારણ આંકડા સાથે પોતાની બોલિંગનો અંત કર્યો. કુલદીપની વાપસી દુબઈના છૂટાછવાયા પ્રેક્ષકો માટે બ્લોકબસ્ટર બની ગઈ હતી. આ બધાએ રાહ જોઈ, મન અને પદ્ધતિ બંનેના સમાયોજનથીએ કુલદીપને મુક્ત કર્યો છે અને તેની બોલિંગને એવી સ્તરે પહોંચાડી છે જ્યાં બેટ્સમેન હવે તેનાથી ડરે છે. તેણે બતાવ્યું કે તેને આ ફોર્મેટમાં દરેક મેચ રમવાની જરૂર કેમ છે, ફક્ત એટલા માટે નહીં કે તે સૌથી ચતુર છે પણ એટલા માટે પણ કે તે સૌથી અલગ અને સૌથી વિચારશીલ છે. તેણે તેની કારીગરીનો સાચો સાર શોધી કાઢ્યો છે, ભારતના પહેલાથી જ ડરાવતા બોલિંગ કાર્ટેલને સંપૂર્ણતા આપી છે.

**ઇંગ્લેન્ડમાં રમાયેલી પાંચ ટેસ્ટની સીરિઝમાં બેન્ચ પર બેસાડી રખાયેલા ચાઇનામેન સ્પિનર કુલદીપ યાદવે કદી તેની અવગણના માટે ફરિયાદ કરી નથી અને જ્યારે તેને તક મળી ત્યારે પોતાનું ઉમદા પ્રદર્શન કર્યું છે અને એશિયા કપની પહેલી મેચમાં પણ તેણે એ જ કર્યું. મહિનાઓ સુધી બોલિંગ કર્યા પછી, કુલદીપ યાદવે સ્પિન માસ્ટરક્લાસ રજૂ કરીને તેની બોલિંગથી અજાણ યુએઈને મુશ્કેલીમાં મુકી દીધું અને ફરી એકવાર સાબિત કર્યું કે તે ભારતનો સૌથી ખતરનાક સ્પિનર કેમ છે**

ભારતના મોટા વિજય પછી માજી ભારતીય ઓપનર રોબિન ઉથપ્પાએ તેના પ્રદર્શનની પ્રશંસા કરી. ગઈકાલે તેણે કેટલું સારું રમ્યું તે જોઈને સારું લાગ્યું. ઘણો સમય થઈ ગયો છે, અને તે વધુ સારો થઈ રહ્યો હોય તેવું લાગે છે. હું તેના આંકડા, તેનો ઈકોનોમી રેટ અને વિકેટો જોઈ રહ્યો હતો અને મને લાગે છે કે ટીમ મેનેજમેન્ટ ખરેખર તેનું મૂલ્ય ઓછું આંકે છે. માણસના કદ પર ન જાઓ. તે એક યોગ્ય આક્રમક બોલર છે, અને તે હંમેશા પ્રોફેશનલ એપ્રોચ ધરાવે છે. તે હંમેશા તે આક્રમક માનસિકતા સાથે વિકેટો શોધતો રહે છે. તે સતત તેની રમતમાં સુધારો અને વિકાસ કરી રહ્યો છે, અને તેને મળેલી દરેક તક, તે ઉતાવળની જેમ વિરોધી ટીમ પર હુમલો કરે છે. ઉથપ્પાએ સમજાવ્યું કે કુલદીપની આક્રમકતા શેન વોર્ન સાથેની તેની વાતચીતમાં મૂળ ધરાવે છે. મને યાદ છે કે તેણે શેન વોર્ન સાથેની વાતચીતના સમય વિશે વાત કરી હતી. વોર્ન સાથેની તેની વાતચીત તેની માનસિકતા સ્પિન બોલરના આક્રમક સ્વભાવ વિશે હતી. મને લાગે છે કે શેન સાથેની તે વાતચીત પછી, તેના મગજમાં એક સ્વિચ પલટી ગઈ. તે ત્યારથી આક્રમક છે, હંમેશા વિકેટ શોધતો રહે છે, અને તમે તેને છેલ્લા ત્રણ કે ચાર વર્ષથી ખૂબ નિયંત્રણ સાથે બોલિંગ કરતા જોયો છે. તમે ઈચ્છો છો કે તેના જેવા કોઈને દરેક ફોર્મેટમાં તક મળે.

કુલદીપ ફરિયાદ કરતો નથી, ગુસ્સો કરતો નથી, પણ જ્યારે પણ તેને બોલ મળે છે, ત્યારે તે સારું પ્રદર્શન કરે છે. UAE સામે, તે સામાન્ય લાગતું હશે, છતાં દરેક વિકેટ, દરેક સૂક્ષ્મ ડ્રિફ્ટ, એક શાંત નિવેદન હતું.

ભારતના સ્પિનરે રાહ જોઈ, અવલોકન કર્યું અને પોતાની બોલિંગ સુધારી, બોલને બોલવા દીધો. જ્યારે તે સ્પિન, ચાલાકી અને નિયંત્રણથી રમતને ભવ્યતા આપે છે ત્યારે તે દુર્લભ ક્ષણ સર્જે છે. બુધવારની એ રાત કુલદીપની રાત હતી, એવી રાત જ્યારે દરેક બેટ્સમેનને લાગે છે કે તેનો ગમે ત્યારે શિકાર થઈ શકે છે.